**મે.સુરતના બીજી મજુર અદાલતના ન્યાયાધીશ શ્રી એચ.કે.મેરીયા સાહેબની કોર્ટમાં**

**ફોજદારી કેસનંબર :- ૧૦૩૫/૨૦૨૫**

**આંક : ૧૩**

**ફરીયાદી :- સરકારશ્રી પક્ષે શ્રી પ્રેમ સિંગ, ઈન્સ્પેકટર, (સેન્ટ્રલ), વડોદરા.**

**વિરુધ્ધ**

**આરોપી :- મે. ટીમલેસ સર્વિસીસ પ્રા.લી.**
**શ્રી સંજય રાઝ, લીગલ મેનેજર,**
૧૨૧૨, ૧૨ મો માળ, ડ્રાઈવ ઈન રોડ, મેમનગર ,
ટી.વી.ટાવર સામે, અમદાવાદ-૩૮૦૦૫૨.

**ગુનો- COMPLAINT UNDER SECTION(S) 23 & 24 OF THE CONTRACT LABOUR (REGULATION AND ABOLITION) ACT, 1970 AND CENTRAL RULES,1971 ના ભંગ બદલ.**

**-: ચુકાદો :-**

ઉપરોકત જણાવેલ આરોપી સામે ફરીયાદીશ્રી,વડોદરાનાએ ઉપર જણાવ્યા મુજબના ગુન્હા માટે ફરીયાદ નોંધાવી છે.ત્યારબાદ આરોપીને સદરહુ ગુના માટે સમન્સ કાઢતા નામદાર કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને ફરીયાદની નકલ આપી. તેઓને ફરીયાદમાં જણાવેલ તહોમત મારી રુબરુ વાંચી સંભળાવી સમજાવતા તેઓએ તેમની સામે થયેલા ગુના અંગે સ્વૈચ્છિક કબુલાતનુ લેખીત નિવેદન કરેલ છે જે આંક- ૧૧ થી રજુ છે અને આંક- ૧૨ થી સ્વૈચ્છિક કબુલાત પુરસીશ આપી માત્ર દંડની સજા કરવા વિનંતી કરેલ છે.

આરોપીએ પ્રથમ તબકકે સ્વેચ્છાએ કબુલાત કરી હોઈ તેમની કબુલાત સ્વીકારી તેઓને ફરિયાદમાં જણાવેલ નિયમોના ભંગ બદલ શિક્ષાને પાત્ર ગુના સબબ તકસીરવાર ઠરે છે. આરોપી સામે આક્ષેપીત ગુનાનો પ્રકાર, ગુનાની ગંભીરતા, સજાનુ પ્રમાણ, આરોપીની સામાજીક આર્થિક જવાબદારી, આરોપીનો પુર્વ ઈતિહાસ ધ્યાને લઈ આરોપીને વધુ સજા ન કરતા માત્ર દંડની સજા કરવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોય તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટવાળા સ્ટેટ ઓફ

ગુજરાત વિ. નટવર હીરાચંદજી ઠાકોર ૨૦૦૫ (૧) જીએલઆર પાન નં.૭૦૯ ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા નીચે મુજબનો આખરી હુકમ કરુ છું.

**-: આખરી હુકમ :-**

આરોપીને કોન્ટ્રાકટ લેબર એકટની કલમ-૨૪ અન્વયે શિક્ષાપાત્ર ગુના અંગે નિયમોના ઉલ્લંઘન બદલ તકસીરવાર ઠરાવી આરોપીને નિયમ-**81(2), 25(2)(viii), 78(1)(a)(ii), 81(1)(i), 75 read with Rule 80(1)(i),78(1)(a)(i)&78(1)(a)(iii), 78(1)(a)(i),79,25(2)(vi), 25(2)(ix)** ના ભંગ બદલ દોષિત ઠરાવવામાં આવે છે અને આરોપીને પ્રત્યેક નિયમ દીઠ **રૂા.૧,૦૦૦/-(અંકે રૂપિયા એક હજાર પુરા)** ના દંડની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો તેના કસુર બદલ દિન-૧૦ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ મુજબ સદર કામે કુલ **રૂા. ૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દશ હજાર પુરા)** વસુલ મેળવવા.

આ હુકમ આજરોજ તારીખ ૧૧ મી, માહે- માર્ચ , સને- ૨૦૨૬ ના રોજ મારી સહી કરી વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તા.૧૧/૦૩/૨૦૨૬
સુરત

**(હિતેન્દ્ર કરશનભાઈ મેરીયા)**
એડી.ચીફ.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ
મજૂર અદાલત નં.૨,સુરત
(CODE NO.GJ01279)